અરવલ્લી જીલ્લા સમાહર્તાની અધ્યક્ષતામાં "Good Governanace"ની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૮

ગત તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મુખ્ય સચિવશ્રી દ્વારા અરવલ્લી જીલ્લાના જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા તેમજ અન્ય અધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજવામાં આવી હતી. જેમાં સરકારશ્રીના વિવિધ વિભાગોની લોક કલ્યાણકારી યોજનાઓ પરત્વે અગ્રેસર રીતે "Good Governanace" થકી લોકાભિમુખ વહીવટ બાબતે "District Plan" તૈયાર કરવા સુચન કરાયું હતું.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમારની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટીયાની ઉપસ્થિતમાં "Good Governanace" ની બેઠક યોજાઈ.

જેમાં જીલ્લાની લોક કલ્યાણકારી વહીવટ પરત્વે સતતપણે આયોજન, અમલીકરણ, અસરકારક નિરીક્ષણ તેમજ ટેકનોલોજીના માધ્યમથી લોકોની સુવિધામાં વધારો થાય અને વહીવટી સેવાઓનું સરલીકરણ થાય તે સારૂ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળની કામગીરી સંદર્ભે હાલમાં કાર્ય કરવાની પધ્ધતિમાં સુધારણાનો

અવકાશ, સુધારણા થકી વહીવટી સેવાઓના સરલીકરણ અને સુચનો સહિત યોજના/સેવાઓનું ટૂંકું પ્રેઝન્ટેશન (PPT) મારફતે જીલ્લામાં કરેલા જુદા-જુદા કામોની વિગતોની ચર્ચા તથા દરેક અધિકારીશ્રીઓ દ્વારા કરેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

આ બેઠકમાં જીલ્લા સમાહર્તાએ જણાવ્યું કે, દરેક તાલુકામાં થયેલ કામગીરીની વિગતો ઓનલાઈન થાય, કોઈપણ વિભાગમાં અરજદાર અરજી કરે તેની સીધી જ અરજી ઓનલાઈન જોઈ શકાય, તેમજ પ્રજાને કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તેવી સિસ્ટમ સક્રિય કરવી, અરજદારને વારવાર કચેરીઓએ જવું ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરવા તેમજ જે વિભાગની કરેલ કામગીરી આવેલ નથી તેમણે ઝડપથી મોકલી આપવા જીલ્લાના તમામ અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું.

આ બેઠકમાં અરવલ્લી જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, પ્રાયોજના વહીવટદાર અધિકારીશ્રી મુનિયા, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારી દાવેરા, ડી.વાય એસ.પી., જીલ્લા પુરવઠા અધિકારી ડોડીયા, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, યુ.જી. વી.સી. એલના અધિકારી, તેમજ જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

સરિફભાઈ મલપરા
આદર્શ ટ્રેક્ટર, ગોધરા
બાયડ

રશ્મિભાઈ ગાંધી
બાયડ

રવિ બારોટ
બાયડ



પંથ નિકુંજકુમાર પટેલ
બાડેરા કંપા તા.ધનસુરા



સુનીલભાઈ કે.પટેલ
આચાર્ય, બાયડ હાઈસ્કૂલ
બાયડ જી. અરવલ્લી

રવિકુમાર પ્રતાપભાઈ
ઠાકોર
બાયડ

સાબરકાંઠા-અરવલ્લીમાં ચોમાસું આફતરૂપ: ૫૬ પશુના મોત, ૨૪૪ મકાનોને નુકસાન

વીજળીના કહેરથી પ્રજા - ખેડૂતોમાં ફફડાટ

બાયડ,તા. (બ્યુરો ઓફીસ) તા.૨૮

આવર્ષે ચોમાસાની સિઝન સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતો,પ્રજા અને પશુપાલકો માટે કોઈને કોઈ રીતે આફત બની છે.બન્ને જિલ્લામાં અત્યાર સુધીમાં વીજળી પડવાથી ૫૬ પશુના મોત તેમજ ૨૪૪ મકાનોને નુકશાન થયું છે.જ્યારે પાણીમાં ડૂબી જવાના બનાવમાં ૪ લોકોના મોત નિપજયા છે.

જિલ્લાના ૧૪ તાલુકાઓમાં વરસાદ સાથે અનેક વિધ સમસ્યાઓ શરૂ થઈ છે.ખાસ કરીને આકાશી વીજળી તેમજ તોફાની વરસાદ નુકસાનરૂપ સાબિત થયો છે. વર્તમાન ચોમાસાની સિઝમ દરમ્યાન બાયડ, મોડાસા,ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, હિંમતનગર, ઈડર, વડાલી, તલોદ, પ્રાંતિજ, વિજયનગર અને ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં વરસાદ સમયે વીજળી ત્રાટકતાં કુલ ,૫૬ પશુ મોતના મુખમાં ધકેલાઈ જતાં પશુપાલકો ઉપર આફત આવી છે.જ્યારે ૨૪૪ કાચા પાકા મકાનોને વરસાદથી નુકસાન થયાના અહેવાલ છે.આ વર્ષે વરસાદ બાદ તળાવો અને નદીમાં ડૂબી જવાની ૪ ઘટનાઓ સામે આવી છે જેથી વહીવટી તંત્ર દ્વારા અર્સરગ્રતોને સરકારી સહાય નો લાભ આપવા માટે તંત્ર એ કામગીરી આરંભી છે.

અરવલ્લીમાં કસાતો ડેન્ગ્યુનો અજગર ભરડો: ગોઢકંપામાં શંકાસ્પદ ડેન્ગ્યુના ૫ કેસ

બાયડ(બ્યુરો ઓફીસ) તા.૨૭

અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યૂનો અજગર ભરડો કસાયો છે.ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે ત્યારે માલપુર તાલુકાના ગોઢકંપા માં શંકાસ્પદ ડેન્ગ્યુના ૫ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સરવેલન્સ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લામાં વાહકજન્ય રોગચાળો રોકવામાં આરોગ્યતંત્ર નિષ્ફળ રહ્યું છે. દવા છંટકાવ અને પોરાનાશક ની કામગીરી બેઅસર સાબિત થઈ છે.જેથી ગ્રામ્ય વિસ્તારોમાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસમાં ઉછાળો આવી રહ્યો છે.એડીસ મચ્છરો પ્રજાનું લોહી ચૂસવા લાગ્યા છે.માલપુર તાલુકાના ગોઢકંપા માં એક સાથે ૫ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બહાર આવતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.જિલ્લામાં કોરોનાની શરૂઆતમાં કંપાઓમાં પુરતી તકેદારી સ્વયંભૂ રાખવામાં આવી હતી છતાં અસંખ્ય કેસ બહાર આવ્યા હતા જ્યારે હવે કોરોના ઉપર અંકુશ આવ્યા પછી કંપાઓમા ડેન્ગ્યુ ના કેસ ચિંતા વધારી રહ્યા છે.

ઈલેક્ટ્રિક રિક્ષા માટેની કાર્ય યોજના પર વર્કશોપ અને પ્રદર્શન મહેસાણા ટાઉનહોલ ખાતે યોજાયું

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લાએ દૂધ સાગર ડેરી ઓ એન જી સી ,રેલ્વે ઉદ્યોગના સહિત અન્ય ઔધોગિક વિકાસને કારણે રાજયમાં એક મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઔધોગિક વિકાસની સાથે હવા પ્રદુષણ ઓછુ થાય તે માટે મહેસાણા જિલ્લાએ કટિબદ્ધતા દર્શાવી છે. મહેસાણા જિલ્લામાં વાયુ પ્રદૂષણ અને અવાજ પ્રદૂષણમાં ઘટાડો થાય તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે. તે અંતર્ગત "ચાલો ભવિષ્યમાં ઈલેક્ટ્રિક રિક્ષા દ્વારા પ્રવેશીએ" નો અનોખો જનજાગૃતિ કાર્યક્રમ મહેસાણાના ટાઉનહોલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, મહેસાણા જીલ્લો હંમેશા ઔધોગિક સામાજિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ અગ્રેસર રહ્યો છે. મહેસાણામાં આજે પ્રગતિશીલ નવી પહેલ તરફ જઈ રહ્યો છે. વાયુ પ્રદૂષણ અને અવાજ પ્રદૂષણમાં ઘટાડો ઈલેક્ટ્રિક રિક્ષાનો ઉપયોગ કરો આજની તાતી જરૂરીયાત છે.. મહેસાણા શહેરની અંદર મુસાફરી કરવા માટે નાગરિકો ઓટો રીક્ષા સર્વિસની પસંદગી કરે છે. આમ રિક્ષા સર્વિસએ લોકોના રોજિંદા જીવનનો એક મહત્વનો ભાગ છે. વધુમાં જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રિક રિક્ષા અપનાવી શહેરના વાયુ પ્રદૂષણ અને અવાજ પ્રદૂષણમાં ઘટાડો થશે. આ પહેલા પણ કેન્દ્ર સરકારની મદદ દ્વારા ડીઝલ રીક્ષાનું સીએનજી રીક્ષામાં પરિવર્તન આખા દેશમાં કરવામાં આવ્યું હતું અને તેનાથી આપણા દેશને શહેરને અને રીક્ષા ડ્રાઈવરોને પણ ઘણા ફાયદા થયા છે. તેજ રીતે સીએનજી રીક્ષાને ઈલેક્ટ્રિક કરવામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ઘણા બધા લાભ આપે છે.

મહેસાણા નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન જણાવ્યું હતું કે, મહેસાણામાં ઈલેક્ટ્રિક રીક્ષાના ભવિષ્ય તરફ એક ડગલું ભરીયે અને આ પરિવર્તનને એક સફળ પરિવર્તન બનાવીએ. આ નવતર પહેલમાં આપનો સંપૂર્ણ સહકાર આપી મહેસાણાને ગૌરવવંતુ સ્થાન ચોક્કસ અપાવશો તેવી આશા છે.

બાયડમાં પાવર લિફ્ટિંગ સ્પર્ધા યોજાઈ

પુરુષ મહિલા ખેલાડીઓએ સ્પર્ધાને રોમાંચક બનાવી

બાયડ, તા. ૨૮

બાયડમાં તાજેરમાં પાવર લિફ્ટિંગ સ્પર્ધા યોજાઈ. અરવલ્લી જિલ્લાના પાવર લિફ્ટીંગ એસોસીએશન દ્વારા આયોજિત સ્પર્ધામાં પુરુષ - મહિલા ખેલાડીઓએ ભાગ લઈ સ્પર્ધાને રોમાંચક બનાવવાની સાથે બાયકના યુવાનોમાં આકર્ષણ ઊભું કર્યું હતું.

રમતગમત ક્ષેત્રે બાયડનું નામ અંકિત કરનાર હર્ષિલ રાઠોડ દ્વારા સૌ પ્રથમ બાયડના આંગણે અરવલ્લી ડીસ્ટ્રીક્ટ પાવર લિફ્ટીંગના નેજા હેઠલ તા. ૨૬મી સપ્ટેબરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પાવર લિફ્ટિંગ પ્રમુખ હર્ષિલ રાજેશભાઈ રાઠોડ દ્વારા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગોલ્ડ મેડાલીસ્ટ ઈન્દ્રસિંહ ગુર્જર, ભાવેશ ડાભાણી, નફીસ ખાન સહિતના ખ્યાતિ પ્રાપ્ત ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. રતન પાવર હાઉસ જીમ બાયડ તરફથી સ્પર્ધા આયોજિત થઈ હતી. અરવલ્લી પટેલ, શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ, કોર્પોરેટર અશોકભાઈ પટેલ, હર્ષલભાઈ પટેલ (મુખી) હેમંતભાઈ પટેલ, જીગર પટેલ સહિત મોટી સંખ્યામાં આમંત્રિતો હાજર રહ્યા હતા.

વિજેતા

બેન્ચ પ્રેસ સ્ટ્રોંગ વુમન - અર્પિતા પટેલ
ડેડ લિફ્ટિંગ સ્ટ્રોંગ વુમન - સબા અન્સારી
બેન્ચ પ્રેસ સ્ટ્રોંગ મેન - મોહિત ચુડાસમા
ડેડ લિફ્ટિંગ સ્ટ્રોંગ મેન - હર્ષિલ રાઠોડ

તત્વ ઈજનેરી કોલેજ,મોડાસા ખાતે ઓરિએન્ટેશન કાર્યક્રમ-૨૦૨૧ યોજાયો

મોડાસા, તા. ૨૮

મંગળવારે પ્રથમ વર્ષ ડીગ્રી ઈજનેરી અને ડિપ્લોમા ઈજનેરી માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક સાથે કોલેજમાંઆવકારાયા. તત્વ ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ ડો. કિરણ દરજી અને અને બધાજ વિભાગના વડાઓએ વિદ્યાર્થીઓને સંબોધી ઈજનેરી શાખાઓ વિશે માહિતગાર કર્યા હતા. કીટ વિતરણ કરી પ્રથમ વર્ષ ના ઈન્ચાર્જ પ્રો.જિમીત શાહે કોલેજ વિશે માહિતી આપી હતી.

એસ.એસ.આઈ.પી.,સ્પોર્ટ્સ, એન.એસ.એસ., અને કલ્ચરલ એકટીવીટી વિશે તેના ઈન્ચાર્જ સાહેબો એ માહિતી આપી, તેમાં ભાગ લેવા વિધાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા.

તદુપરાંત વિદ્યાર્થીઓએ સંસ્થાના દરેક વિભાગ ની લેબોરેટરી,લાઈબ્રેરી, વર્કશોપ, કોમ્પ્યુટર સેન્ટર અને એડમીન વિભાગની મુલાકાત લીધી. ભવિષ્યમાં જરૂર પડતી વેબસાઈટોથી પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.જેથી GTU ના એનરોલમેન્ટ ફોર્મ, એક્ઝામ ફોર્મ ભરવાની માહિતી તથા સિલેબસ, ઓનલાઈન વિડીયો વિગેરે સહેલાઈથી જોઈ શકે. કેમ્પસ ડાયરેકટર શ્રી પ્રો. જયદત્તસિંહ પુવાર સાહેબે તમામ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

જીવદયા પ્રેમી ઠાકોરદાસ ખત્રીનું કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરાયું

પાલનપુર, તા. ૨૮

પાલનપુર માં કાનુભાઈ મહેતા હોલ ખાતે વર્લ્ડ બુક ઓફ લંડનમાં નામ નોધાયેલ નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા કોરોના વોરિયર્સ રત્ન એવોર્ડ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં અનેક પશુ પંખીઓના જીવ બચાવનાર અને અનેક સામાજિક સેવાઓમાં ખડેપગે રહેનાર જીવદયા પ્રેમી ઠાકોરદાસ ખત્રી નું પાલનપુર સિવિલ હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેન્ટ સુનિલભાઈ જોષી તથા ડી.વાય.એસ.પી આર.કે પટેલ ના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા બનાસકાંઠા જિલ્લાની સામાન્ય સભા અને કારોબારી બેઠક યોજાઈ

પ્રમુખ તરીકે ડો.બિપીનભાઈ ત્રિવેદી જ્યારે મહામંત્રી તરીકે જયેશભાઈ દવેની કરાઈ વરણી

પાલનપુર, તા. ૨૮

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા બનાસકાંઠા જિલ્લાની સામાન્ય સભા અને કારોબારી ની રવિવારે જ્ઞાન મંદિર પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સૌપ્રથમ કોરોના કાળ માં સ્નેહી જનો શિવશરણ થયા તેમની આત્મા ની શાંતિ માટે મૌન ધારણ કર્યું હતુ.ત્યારબાદ મહાનુભાવો નું સન્માન કરવામાં આવ્યું હતું.અગ્રણી ડામરાજી રાજગોર ના અધ્યક્ષ સ્થાને ઉત્તર ગુજરાત ના પ્રભારી ભરત વ્યાસ ના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા બ્રહ્મ સમાજ ની નવિન કારોબારી ની રચના કરવામાં આવી હતી.જેમાં સર્વાનુમતે બનાસકાંઠા જિલ્લા બ્રહ્મ સમાજ ના પ્રમુખ તરીકે ડૉ.બિપીનભાઈ ત્રિવેદી,મહામંત્રી તરીકે જયેશભાઈ દવે અને જિલ્લા સંગઠક માં પ્રકાશ ભાઈ જોષી ની પસંદગી કરવામાં આવી હતી.મહીલા પાંખ માં પ્રમુખ તરીકે નમ્રતાબેન અને મહામંત્રી તરીકે ફાલ્ગુનીબેન ત્રિવેદી ની અને મહીલા જિલ્લા સંગઠક માં જાગૃતિબેન મહેતા ની વરણી કરવામાં આવી હતી. યુવા પાંખ ના પ્રમુખ તરીકે ભાર્ગવભાઈ ઠાકર અને મહામંત્રી તરીકે તુષારભાઈ તેમજ યુવા સંગઠક તરીકે ડૉ.નિરવ પુરોહિત ની પસંદગી કરવામાં આવી હતી.સભા દરમિયાન સમાજના અગ્રગણ્ય ભુદેવો ના સૂચન આવકાર્ય હતા.જેમાં આગામી સમયમાં એક ટીમ વર્ક થી સમાજ વિકાસ ના કામો સંકલન થી કરવા અને સમાજ સંગઠન ને મજબુત કરવા.ડૉ.બિપિનભાઈ ત્રિવેદી એ આહવાન કર્યું હતું.

બાદમાં જિલ્લા સંગઠન ટીમ અને જિલ્લા યુવા પાંખ ની ટીમ પ્રસ્તુત કરવામાં આવી હતી.જેમાં સમાજ ના બ્રહ્મ અગ્રણીઓ નો સમાવેશ કરવામાં આવ્યો હતો.જે શૈક્ષણિક,આર્થિક,સામાજિક વિકાસ માટે દરેક તાલુકા,શહેર અને ગામ સુધી સંગઠન વિસ્તાર કરવામાં આવશે.જિલ્લા સંગઠન ની ત્રણેય પાંખની ટીમ આગામી સમયમાં સમાજ હીત ના કાર્યક્રમ આપશે.

અંબાજી આવેલા જાણીતા પાર્શ્વ ગાયિકા અનુરાધા પોડવાલ એ અંબાજીમાં ચાલી રહેલા જલીયાણ સદાવ્રત ખાતે પણ મુલાકાત લીધી હતી. માઈભક્તોને નિઃશુલ્ક ભોજન પ્રસાદ પીરસવામાં આવી રહ્યો હોવાની તેમજ અન્ય વિગતો અનુરાધા પૌંડવાલ એ ટ્રસ્ટીઓ પાસેથી મેળવી હતી. તેમજ ભોજન પ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો. જલીયાણ સદાવ્રતની મુલાકાત સમયે જય જલીયાણ ફાઉન્ડેશનના પ્રમુખ હિતેશભાઈ ઠક્કર, ટ્રસ્ટી દીપકભાઈ ઠક્કર સહિત અન્ય ટ્રસ્ટીગણએ ગાયિકા અનુરાધા પોંડવાલનું ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું.

પ્રાંતિજના મજરાનો ઈસમ દારૂની બે બોટલ સાથે ઝડપાયો

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા ખાતે થી વિદેશી દારૂ ની બે બોટલ સાથે મજરા ના ઈસમ ને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયો. પ્રાંતિજ પોલીસ મજરા બાજુ પેટ્રોલીંગ મા હતી તે સમયે મજરા ગામમા જતા ખાનગી રાહે બાતમી મળી કે મજરા ગામનો રોહિત કુમાર શનાજી રાઠોડ નામનો ઈસમ મજરા ગામથી બોરીયા ગામ તરફ જતા રોડ ઉપર નંબર પ્લેટ વગર ની મોટરસાયકલ ઉપર એક કાપડ ના થેલામા વિદેશી દારૂ ની બોટલ લઈ વેચાણ કરવા માટે ઉભો છે જે બાતમી ના આધારે પ્રાંતિજ પોલીસ તાત્કાલિક સ્થળ ઉપર જતા બાઈક ચાલક પાસે જઈ પુછપરછ કરતા ગભરાયેલી હાલતમા જણાતા મોટરસાયકલ ઉપર રહેલ થેલામા તપાસ કરતા બે બોટલ વિદેશી દારૂ ની મળી આવી હતી તો પ્રાંતિજ પોલીસે વિદેશી દારૂ રાખવા બદલ નુ પાસ પરમીટ માગતા પોતે પોતાની પાસે નહી હોવાનુ જણાવ્યુ હતુ તો પ્રાંતિજ પોલીસે બે બોટલ વિદેશી દારૂ બોટલ જેની એક ની કિંમત-૫૦૦ મળી કુલ-૧૦૦૦ તથા તેની પાસે રહેલ નંબર પ્લેટ વગર ની મોટરસાયકલ જેની કિંમત ૧૫૦૦૦ મળી કુલ-૧૬૦૦૦ના મુદ્દામાલ સાથે મજરા નો ઈસમ રોહિત કુમાર શનાજી રાઠોડ ઉ.વર્ષ-૩૨ રહે.મજરા,ખાંટવાસ ,તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠાની અટકાયત કરી પ્રોહિબિશેન એકટ કલમ-૬૫-એ(ઈ),૧૧૬ (બી) મુજબ ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

રક્તદાન
મહાદાન